ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# બારડોલી-વ્યારા-ભરૂચ

| તાપમાન | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અંકલેશ્વર | ૩૮.૦° સે. | ૩૦.૦° સે. |
| બારડોલી | ૩૭.૦° સે. | ૨૮.૦° સે. |
| ભરૂચ | ૪૦.૦° સે. | ૩૦.૦° સે. |
| વ્યારા | ૩૭.૦° સે. | ૨૮.૦° સે. |



## સારા વરસાદનો વરતારો: ખુલ્લી જમીન પર ટીટોડીનાં ચાર ઈંડાં



બારડોલી: ખેતરની ખુલ્લી અને સપાટ જમીન પર ટીટોડીએ મૂકેલાં ચાર ઈંડાં આગામી ચોમાસાનો વરતારો આપી રહ્યા છે. લોકમાન્યતા અને પરંપરાગત વર્ષા વિજ્ઞાન અનુસાર ઊંચા ટેકરાને બદલે સપાટ જમીન પર ઈંડાં હોવાથી આ વર્ષે અતિવૃષ્ટિ કે પૂરનો ભય નહીંવત રહેશે. ચાર ઈંડાંની આ સંખ્યા દર્શાવે છે કે ચોમાસું પૂરા ચાર મહિના સુધી ચાલશે અને મેઘરાજા સમયાંતરે અમૃત વરસાવશે. ગ્રામીણ સંસ્કૃતિમાં આજે પણ પ્રકૃતિના આવા અનોખા અવલોકનો દ્વારા જ આગામી ઋતુનાં એંધાણ મેળવવામાં આવે છે. આ ઈંડાં બારડોલી નજીક આવેલા નાંદીડા ગામના ખેડૂત હેમંત પરમારના ખેતરમાં જોવા મળ્યાં હતાં.

## સંક્ષિપ્ત સમાચાર

### તાંતીથૈયામાં ગાંજા સાથે મહિલા ઝડપાઈ

પલસાણા: કડોદરા જી.આઈ.ડી.સી. પોલીસ ટીમે બાતમીના આધારે તાંતીથૈયા ગામની સીમમાં રેડ પાડી એક મહિલાને ગેરકાયદે ગાંજાના જથ્થા સાથે રંગેહાથ ઝડપી લીધી હતી. પોલીસે સ્થળ પરથી રૂ.૨૬,૧૯૦નો મુદ્દામાલ કબજે કરી કાર્યવાહી હાથ ધરી છે. પોલીસે કોહિનૂર ઇન્ડસ્ટ્રિઝ સામેના ઝૂંપડામાંથી ૩૭ વર્ષીય જાનુબેન મેલાભાઈ રાવલને રૂ.૧૫,૪૫૦ની કિંમતના ૩૦૯ ગ્રામ ગાંજા સાથે ઝડપી પાડી હતી. આ ઉપરાંત તેની પાસેથી એક સ્માર્ટફોન અને રોકડા રૂ.૭૪૦ મળી આવ્યા હતા. પૂછપરછ દરમિયાન મહિલાએ ખુલાસો કર્યો હતો કે, કડોદરાના આદર્શ ઉર્ફે સોનુ દરીન્દા રાય નામના સપ્લાયરે તેને કમિશનની લાલચ આપી આ જથ્થો વેચવા માટે આપ્યો હતો.

### કામરેજના કોસમાડા પાસે બિલ્ડિંગ મટિરિયલના ગોડાઉનમાં આગ લાગી

કામરેજ: કોસમાડા ગામની હદમાં કેનાલ રોડ પર આવેલા એક ગોડાઉનમાં શોર્ટ સર્કિટના કારણે અચાનક ભીષણ આગ લાગી હતી. મૂળ અમરેલીના ધારના વતની મહેશભાઈ વિનુભાઈ ગોંડલીયા અહીં 'જી.એસ.એમ. કોપોરેશન' નામે બિલ્ડિંગ મટિરિયલનું ટ્રેડિંગ બિઝનેસ કરે છે. ગત ૨૨મી મેના રોજ મહેશભાઈ વતન જઈ રહ્યા હતા, ત્યારે બાજુના ગોડાઉન ધારકે તેમને આગ લાગી હોવાની જાણ કરી હતી. તેમણે તાત્કાલિક સુપરવાઈઝર સંજય ધોધારીને ઘટના સ્થળે મોકલ્યા હતા. તપાસ દરમિયાન સામે આવ્યું કે પાડોશના ગોડાઉનમાં શોર્ટ સર્કિટ થતાં આગ લાગી હતી, જે જોતજોતામાં ફેલાઈ ગઈ હતી. આ દુર્ઘટનામાં ગોડાઉનમાં રાખેલો બાંધકામનો કીમતી સામાન જેમ કે રૂફિંગ સિંગલ્સ, પીયુ સિલિંગ પેનલ, એપીપી મેમરન અને બીટુમીન પ્રાઈમર સંપૂર્ણપણે સળગીને ખાખ થઈ ગયો હતો. ફાયર વિભાગે ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો.

### કદરામા નજીક વાનની ટક્કરે બાઈકચાલક ઘાયલ

કીમ: ઓલપાડના કદરામા ગામ પાસે ૨૭ મેની રાત્રે પૂરઝડપે દોડતી એક વાન નં.(GJ-05-CK-5874)ના ચાલકે સ્ટીયરિંગ પરનો કાબૂ ગુમાવતાં સામેથી આવતી બાઈક નં.(GJ-05-NW-1380)ને જોરદાર ટક્કર મારી હતી. આ ગમખ્વાર અકસ્માતમાં બાઈકચાલક લાલુભાઈ રાઠોડને માથા, મોઢા અને પગમાં ફ્રેક્ચર સહિત શરીરે ગંભીર ઈજા પહોંચતાં સારવાર અર્થે ખસેડાયા હતા. આ ઘટના અંગે દિલીપભાઈ રાઠોડની ફરિયાદના આધારે કીમ પોલીસે અજાણ્યા વાનચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### નિઝર પોલીસે પરિવારથી વિખૂટી પડેલી મહિલાનું પરિવાર સાથે મિલન કરાવ્યું

કુકરમુંડા: બોરદા ગામે પરિવારથી વિખૂટી પડેલી એક અજાણી વૃદ્ધા ભટકતી હોવાની માહિતી ૧૧૨ જનરક્ષક ટીમને મળી હતી. જેથી એ.એસ.આઈ. ભગુભાઈ મહિલાને નિઝર પોલીસ સ્ટેશન લાવ્યા હતા. એ.એસ.આઈ. જગદીશભાઈએ આદિવાસી ભાષામાં પૂછપરછ કરી મહારાષ્ટ્રના રનોલ ગામના સરપંચનો સંપર્ક કર્યો હતો. વિડીયો કોલ દ્વારા મહિલાની ઓળખ મીનાબેન સોનવણે (ઉં.વ.૬૦) તરીકે થઈ હતી. અંતે નિઝર પોલીસે વૃદ્ધાને સુરક્ષિત ઘરે પહોંચાડી માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

### કામરેજના નવાગામમાં લોન બાકી છતાં ફ્લેટનું સીલ તોડી રહેતાં દંપતી સામે ફરિયાદ

કામરેજ: કામરેજના નવાગામની સ્ટાર ધર્મ રેસિડન્સી બી-2-403માં રહેતા હસમુખ નાકરાણી અને સોનિકાબેન નાકરાણીએ રીલાયન્સ હોમ ફાઈનાન્સમાંથી રૂ.૨૨ લાખની લોન લઈ હપ્તા ન ભરતાં તેમનો ફ્લેટ સીલ કરાયો હતો. ગત ૩ ફેબ્રુઆરીએ કંપનીના કલેક્શન ઓફિસર ધવલ ધુંગરા તપાસ કરવા જતાં આ દંપતી ફ્લેટનું સીલ તોડી ગેરકાયદે રીતે અંદર રહેતું હોવાનું માલૂમ પડ્યું હતું. આ અંગે કામરેજ પોલીસ મથકે ફરિયાદ નોંધાવવામાં આવી છે.

### નવાગામમાં આધેડ મહિલાનો આપઘાત

કામરેજ: મૂળ રાજકોટ અને કામરેજની શ્યામનગર સોસાયટીમાં રહેતા મનીષાબેન પ્રવીણભાઈ પીપરીયા (ઉં.વ.૫૩)ને ગળામાં દુખાવો થતાં એમઆરઆઈ રિપોર્ટમાં ગાંઠ હોવાનું બહાર આવ્યું હતું. જો કે, તેમને પોતાને કેન્સર જ છે તેવો વહેમ મનમાં ઘર કરી ગયો હતો. પરિવારજનોની સાંત્વના છતાં, આ બાબતે લાગી આવતા મનીષાબેને અનાજમાં નાંખવાની દવા પી લીધી હતી. સુરતની ખાનગી હોસ્પિટલમાં સારવાર દરમિયાન ગુરુવારે રાત્રે તેમનું મોત નીપજ્યું હતું.

### કામરેજમાં છાતીમાં દુખાવો થતાં યુવાનનું મોત

કામરેજ: મૂળ તાપી અને હાલ કામરેજના માછીવાડમાં રહી ગુજરાત સ્ટેટ કો.ઓપ એન્ડ રૂરલ ડેવ.બેંક લિ.માં પટાવાળા તરીકે નોકરી કરતો કમલેશ મહાલે (પાટીલ) (ઉં.વ.31)ને ગુરુવારના રોજ રાત્રિના 8 કલાકે અચાનક છાતીમાં દુખાવો થતાં 108માં સારવાર માટે કામરેજ ચાર રસ્તાની ખાનગી હોસ્પિટલમાં લઈ જતાં ફરજ પરના તબીબે યુવાનને મૃત જાહેર કર્યો હતો.

### ફતેપુર વજીમાં જુગાર રમતા 3 જુગારી ઝડપાયા

રાજપીપળા: તિલકવાડાના ફતેપુર વજી ગામમાં આવેલી સરકારી શાળાની બાજુમાં જાહેરમાં પાના-પત્તાનો જુગાર રમાતો હોવાની બાતમી પોલીસને મળી હતી. આ બાતમીના આધારે પોલીસે રેડ પાડી હતી. પોલીસ કાર્યવાહી દરમિયાન ત્રણ શખ્સ પ્રવીણભાઈ તડવી, અરવિંદભાઈ તડવી અને અર્પણભાઈ તડવી (તમામ રહે.,ફતેપુર વજી)ને રંગેહાથ ઝડપી પાડવામાં આવ્યા હતા. પોલીસે ઘટના સ્થળેથી કુલ રૂ.૧૦,૩૩૦ની રોકડ રકમ સહિતનો મુદ્દામાલ કબજે કર્યો છે. પકડાયેલા ત્રણેય ઈસમ સામે કાર્યવાહી હાથ ધરાઈ છે.

### માસમા ગામે અજાણ્યાની લાશ મળી

સાયણ: ઓલપાડના માસમા ગામની સીમમાં સરવે નંબર-૨૩૫ માં આવેલ તપોવન શક્તિપીઠની સામેની ખુલ્લી જગ્યામાં ૨૫થી ૩૦ વર્ષના અજાણ્યા યુવકની લાશ મળી આવી હતી. મૃતકના જમણા હાથે 'મોમ ડેડ' લખેલું છે. પોલીસે વારસદારોની શોધખોળ અને વધુ તપાસ હાથ ધરી છે.

# બારડોલીમાં વીજ કંપનીના આડેધડ ખોદકામથી ગેસ લાઈનમાં ભંગાણ

**સેંકડો** ઘરોમાં ચૂલા ન સળગતાં ગૃહિણીઓ મુશ્કેલીમાં મુકાઈ



બારડોલી: શહેરમાં સરકારી તંત્રો વચ્ચેના સંકલનનો અભાવ ફરી એકવાર સ્થાનિક લોકો માટે મુસીબતનું કારણ બન્યો છે. બારડોલીના માતા ફળિયા વિસ્તારમાં વીજ કંપની દ્વારા કરવામાં આવી રહેલા આડેધડ અંડર ગ્રાઉંડ કેબલિંગના કારણે પીએનજી ગૅસની પાઈપલાઈનમાં મોટું ભંગાણ પડ્યું હતું. આ અકસ્માતને પગલે આસપાસના સેંકડો ઘરોમાં ગૅસ પુરવઠો સંપૂર્ણપણે ખોરવાઈ ગયો હતો, જેના કારણે ગૃહિણીઓ અને પરિવારોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો છે.

સમગ્ર બારડોલી શહેરમાં હાલ ડીજીવીસીએલ દ્વારા અંડર ગ્રાઉન્ડ કેબલિંગની કામગીરી ચાલી રહી છે. જો કે, આ કામગીરી સહેજ પણ આયોજન વગર આડેધડ થતી હોવાના કારણે અવારનવાર ગૅસ લાઈનો તૂટવાની ઘટનાઓ સામે આવી રહી છે. શુક્રવારે બપોરના સમયે માતા ફળિયા વિસ્તારમાં જેસીબી વડે ચાલી રહેલા ખોદકામ દરમિયાન ગૅસ લાઈન ફાટી ગઈ હતી અને જોતજોતામાં સમગ્ર વિસ્તારનો ગૅસ સપ્લાય બંધ થઈ ગયો હતો. હાલ એક તરફ રાંધણ ગેસના સિલિન્ડરની અછત પ્રવર્તી રહી છે, ત્યારે બીજી તરફ પાઈપલાઈન બંધ થઈ જતાં લોકો બેવડી મુસીબતમાં મુકાયા હતા. બપોરના સમયે ગેસ બંધ થતાં અને મોડી સાંજ સુધી પુરવઠો પૂર્વવત ન થતાં સેંકડો પરિવારોમાં બપોર તેમજ સાંજની રસોઈ બની શકી ન હતી. પરિણામે, ગૃહિણીઓ ભારે પરેશાનીમાં મુકાઈ હતી અને અનેક પરિવારોને રાત્રિના ભોજન માટે હોટલો કે રેસ્ટોરન્ટના આશરે જવું પડ્યું હતું. ઘટનાની જાણ થતાં જ ગૅસ કંપનીની ટેકનિકલ ટીમ તાત્કાલિક સ્થળ પર દોડી આવી હતી અને સમારકામની કામગીરી હાથ ધરી હતી. જો કે, મોડી સાંજ સુધી લીકેજ કે ફોલ્ટનું ચોક્કસ લોકેશન ન મળવાને કારણે સમારકામમાં વિલંબ થયો હતો, જેના લીધે સ્થાનિક રહીશોની મુશ્કેલીમાં સતત વધારો થઈ રહ્યો છે. સ્થાનિકો માંગ કરી રહ્યા છે કે આવી મહત્ત્વની કામગીરી કરતી વખતે વીજ કંપની અને ગૅસ કંપની વચ્ચે યોગ્ય સંકલન હોવું જરૂરી છે જેથી વારંવાર લોકોને આવી હાલાકી ભોગવવી ન પડે.

## બારડોલીમાં કોલસા ભરેલી ગુડ્સ ટ્રેનમાંથી ધુમાડો નીકળતાં દોડધામ

**રેલવે** સ્ટાફ અને ફાયર બ્રિગેડની સતર્કતાને કારણે મોટી રેલ હોનારત અટકી




બારડોલી: સોનગઢથી કોલસો ભરીને મહારાષ્ટ્રના દહાણુ રોડ તરફ દોડી રહેલી એક માલગાડીમાં સર્જાયેલી ઈમરજન્સીને પગલે શુક્રવારે બારડોલી રેલવે સ્ટેશન પર ભારે નાસભાગ અને અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ટ્રેનના એક ડબ્બામાં ભરેલા કોલસામાંથી અચાનક ધુમાડો નીકળવા લાગ્યો હતો. જો કે, સ્થાનિક રેલવે સ્ટાફ અને ફાયર બ્રિગેડની સતર્કતાને કારણે એક મોટી રેલ હોનારત થતાં થતાં અટકી ગઈ હતી.

સૂત્રોના જણાવ્યા મુજબ ગુડ્સ ટ્રેનની બોગી નં.15403માં કોઈ કારણોસર કોલસો અંદરથી સળગવા માંડ્યો હતો અને ધુમાડો બહાર ફેંકાતો હતો.

આ ટ્રેન જ્યારે મઢી સ્ટેશન વટાવી રહી હતી ત્યારે કાળો ધુમાડો સ્પષ્ટ નજરે પડતાં જ રેલવે તંત્ર તુરંત હરકતમાં આવ્યું હતું અને બારડોલી ફાયર સ્ટેશનને એલર્ટ કરાયું હતું. માહિતી મળતા જ ફાયર ફાઈટરોની ટીમ વોટર ટેન્ડર સાથે બારડોલી સ્ટેશન પર અગાઉથી જ તૈનાત થઈ ગઈ હતી. માલગાડી જેવા જ પ્લેટફોર્મ નં.1 પર આવીને ઊભી રહી કે તુરંત જ ફાયરના જવાનોએ પોઝિશન લઈને અસરગ્રસ્ત બોગી પર પાણીનો ભારે મારો ચલાવ્યો હતો. સમયસરના આ મિલિટરી જેવા ક્વિક રિસ્પોન્સને કારણે ધુમાડા પર કાબૂ મેળવી લેવાતા તંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો.

## વરેલીમાં ૨૦ ફૂટ ઊંચાઈએથી પતરાં પરથી નીચે પતકાતાં શ્રમિકનું મોત

પલસાણા: પલસાણાના વરેલી ગામ નજીક આવેલી ઐશ્વર્યા મિલ પાસે શેડનું કામ કરી રહેલા ૩૨ વર્ષીય શ્રમિક દેવાનંદ સદાશિવ ખરાદનું ઊંચાઈ પરથી નીચે પડવાના કારણે મોત નીપજ્યું છે. ગત ૨૭ મેના રોજ રાત્રે કામ દરમિયાન ફાઈબરના પતરાં પર ભૂલથી પગ આવી જતાં પતરું વળી ગયું હતું, જેથી તેઓ સમતોલન ગુમાવી ૨૦ ફૂટ નીચે આર.સી.સી. ફ્લોર પર પટકાયા હતા. મૂળ મહારાષ્ટ્રના અને હાલ સુરતના પાંડેસરામાં રહેતા દેવાનંદભાઈને માથામાં ગંભીર ઈજા થતાં લોહીલુહાણ હાલતમાં પ્રથમ ચલથાણ અને ત્યારબાદ વધુ સારવાર માટે સુરતની સ્મીમેર હોસ્પિટલમાં ખસેડાયા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત થયું હતું. આ અંગે મૃતકના સંબંધી ઉષાબેનની જાહેરાતના આધારે કડોદરા જી.આઈ.ડી.સી. પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## નવાગામમાં એક સંતાનની માતાનો દવા પી આપઘાત

કામરેજ: મૂળ અમરેલીના ફાચરીયા અને હાલ કામરેજના નવાગામની વિક્ટોરિયા રેસિડન્સીમાં ફ્લેટ નં.કે-402માં રહેતી પરિણીતા સોનલબેન જતીન કોઠિયા (ઉં.વ.42)ને છેલ્લા ચાર માસથી મગજની બીમારી હતી. ગુરુવારે સોનલબેન અને 11 વર્ષની પુત્રી માહી ઘરે હતાં. સાંજના 7.30 કલાકે નોકરી પરથી સોનલબેનના પતિ ઘરે આવતાં પત્નીને જોતાં જમીન પર બેભાન અવસ્થામાં સૂતાં હતાં. પુત્રીને પૂછતાં અનાજમાં નાંખવાની ઝેરી દવા પી લીધા બાદ ઊલટી થઈ હોવાનું જણાવ્યું હતું. સારવાર માટે સુરતની ખાનગી હોસ્પિટલમાં લઈ જતાં સારવાર દરમિયાન મોડી રાત્રે 22.10 કલાકે મોત નીપજતાં કામરેજ પોલીસે અકસ્માત મોત નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## કડોદરા-પલસાણામાં ઈંધણના ભાવ વધારા મુદ્દે રિક્ષા ચાલકોની હડતાળ

**મુસાફરો** અટવાયા, રિક્ષાવાળાઓએ 50 % ભાડા વધારાની માંગ કરી

પલસાણા: પલસાણા અને કડોદરા પંથકમાં સીએનજી ઈંધણના ભાવમાં રૂ.6થી 8નો અચાનક વધારો થતાં રિક્ષા ચાલકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ભાડું વધારવાની માંગ સાથે શુક્રવારે સવારે કેટલાક રિક્ષા ચાલકો રસ્તા પર ઊતરી આવ્યા હતા. કડોદરા ચાર રસ્તાથી અલગ-અલગ ચાર રૂટ પર દોડતી અંદાજિત 2500 જેટલી રિક્ષાઓનાં પૈડાં થંભી જતાં સ્થાનિક જનજીવન પ્રભાવિત થયું હતું.

આ આંદોલન દરમિયાન ચાલકોએ અંત્રોલી ગેટ નં.2, વરેલી પેટ્રોલ પંપ, છત્રાલા કટ અને સંસ્કાર વિદ્યાસંકુલ પાસે સુરત તરફ આવતી-જતી અન્ય રિક્ષાઓને બળજબરીપૂર્વક અટકાવી હતી. રિક્ષા ચાલકોએ મુસાફરોને અધવચ્ચે રોડ પર જ ઉતારી દેતાં સવારના સમયે નોકરી-ધંધાર્થે નીકળેલા સેંકડો લોકો ભારે મુશ્કેલીમાં મુકાયા હતા. ઘટનાની જાણ થતાં જ પોલીસ કાફલો અલગ-અલગ સ્થળોએ પહોંચ્યો હતો, જેને જોઈને રિક્ષા રોકનારા ચાલકો ત્યાંથી ભાગી છૂટ્યા હતા. સદનસીબે કોઈ અનિચ્છનીય ઘટના બની ન હતી.

આ પૂર્વે ગુરુવારે રિક્ષા ચાલકોનું એક ટોળું રજૂઆત કરવા કડોદરા પોલીસ સ્ટેશને પહોંચ્યું હતું. જો કે, કડોદરામાં કોઈ ચોક્કસ રિક્ષા એસોસિએશન ન હોવાથી પોલીસે તેમને કાયદો હાથમાં ન લેવા સૂચન કર્યું હતું અને આ અંગે કલેક્ટર કચેરી કે સક્ષમ સત્તાધિકારી સમક્ષ યોગ્ય રજૂઆત કરવા જણાવ્યું હતું. પોલીસે સ્પષ્ટ કર્યું હતું કે ભાવ વધારો નક્કી કરવામાં પોલીસની કોઈ ભૂમિકા હોતી નથી. હાલમાં રિક્ષા ચાલકો કડોદરાથી પલસાણા વચ્ચેનું ભાડું રૂ.20થી વધારીને સીધું રૂ.30 કરવાની માંગ કરી રહ્યા છે. કામરેજ અને સુરતના રૂટ પર પણ સીધો 50 ટકા જેટલો તોતિંગ વધારો ઝીંકવાની આ માંગને લઈ રિક્ષા ચાલકોમાં જ આંતરિક મતભેદો હોવાનું પણ સામે આવ્યું છે.

## કીમમાં બિરયાનીની દુકાનમાં તલવાર સાથે ઘૂસી યુવકને હત્યાની ધમકી

**મંચુરિયન** લેવા બાબતે માથાકૂટ બાદ હુમલો કરતાં પોલીસ ફરિયાદ

કીમ: કીમ-કઠોદરા રોડ પર આવેલી એક બિરયાનીની દુકાનમાં ગેરકાયદે પ્રવેશ કરી તલવાર જેવા ધારદાર હથિયાર વડે ગળા પર હુમલો કરવાનો પ્રયાસ કરી જાનથી મારી નાંખવાની ધમકી આપવાનો મામલો સામે આવ્યો છે. આ ચકચારી ઘટના અંગે કીમ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

મળતી વિગતો અનુસાર મૂળ ઉત્તર પ્રદેશના વતની અને હાલ કીમ ખાતે "એ વન બિરયાની" નામની દુકાન ચલાવી વેપાર કરતા ૨૭ વર્ષીય રાજુઅલી નિઝામુદ્દીન ઉર્ફે નંદગોડે ખાને આ અંગે પોલીસ ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ ગત તારીખ ૨૮/૫/૨૦૨૬ના રોજ રાત્રિના આશરે ૧૦:૪૫ વાગ્યાના સુમારે કીમ ગામના પોસ્ટ ઓફિસ રોડ પર રહેતો કેતન સોલંકી નામનો શખ્સ અચાનક દુકાનમાં ઘૂસી આવ્યો હતો. ત્યાં આવીને આરોપીએ મંચુરિયન લેવા બાબતે દુકાનમાં હાજર અમાનતઅલી ઉર્ફે કલ્લુ શબ્બીર સાથે કોઈ કારણસર ઉગ્ર બોલાચાલી કરી ગાળાગાળી શરૂ કરી દીધી હતી.

વિવાદ વધતા આરોપી કેતન સોલંકીએ પોતાની કમરના ભાગે છુપાવી રાખેલું તલવાર જેવું ધારદાર અને ઘાતક હથિયાર બહાર કાઢ્યું હતું.

તેણે આ હથિયાર સીધું જ ફરિયાદી રાજુઅલીના ગળા ઉપર મૂકી દીધું હતું અને "તારી ગરદન કાપી જાનથી મારી નાંખીશ" તેવી ખુલ્લેઆમ ધમકી આપી ભયનો માહોલ સર્જ્યો હતો.

આ ઘટનાને અંજામ આપ્યા બાદ આરોપી તુરંત જ ઘટના સ્થળેથી નાસી છૂટ્યો હતો. આ મામલે કીમ પોલીસે ભય ફેલાવવા અને હથિયાર વડે ધમકી આપવા બદલ આરોપી વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ની કલમ ૨૯૬, ૩૩૩, ૩૫૨, ૩૫૧(૩), ૨૨૩ તેમજ ગુજરાત પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ હેઠળ ગુનો દાખલ કરી કાર્યવાહી શરૂ કરી છે.

## સાગબારા કોર્ટમાં સજા પામેલો ફરાર આરોપી નિઝર પોલીસના હાથે ઝડપાયો



કુકરમુંડા: નિઝર તાલુકામાં નાસતા ફરતા આરોપીઓ સામેની કાર્યવાહી અંતર્ગત નિઝર પોલીસને મોટી સફળતા મળી છે. સાગબારા પ્રિન્સિપલ સિવિલ કોર્ટ દ્વારા સજા ફટકારાયા બાદ નાસતો ફરતો આરોપી બીપીનભાઈ હોનજીભાઈ નાઈક (રહે.,ખેરવા, નિઝર) પોતાના વતન આવ્યો હોવાની ખાનગી બાતમી પોલીસને મળી હતી. પોલીસ ઈન્સ્પેક્ટર એમ.ડી.વિઠ્ઠલપરાના માર્ગદર્શન હેઠળ સ્ટાફે રાત્રિના સમયે ખેરવા ગામે આરોપીના ઘરને કોર્ડન કરી તેને ઝડપી પાડ્યો હતો.

## સંક્ષિપ્ત સમાચાર

### કુકરમુંડામાં બાઈક ચોરીનો ભેદ ઉકેલાયો



કુકરમુંડા: કુકરમુંડા પોલીસે મોટરસાઇકલ ચોરીનો ભેદ ગણતરીના કલાકોમાં ઉકેલી ત્રણ આરોપીની ધરપકડ કરી છે, જ્યારે બેને વોન્ટેડ જાહેર કર્યા છે. ૨૫ મે-૨૦૨૬ની રાત્રે પેટ્રોલિંગ દરમિયાન પોલીસે આશ્રવા ગામ ત્રણ રસ્તા પાસે મહારાષ્ટ્ર તરફથી આવતી વરના કાર નં.(MH-04-DN-4277)ની તપાસ કરતા ડીકીમાંથી બાઇકના સ્પેર પાર્ટ્સ મળી આવ્યા હતા. તપાસમાં જાણવા મળ્યું કે આ પાર્ટ્સ ૨૩ મેના રોજ આશ્રવા ગામના ગણપતિ મંદિર પાસેથી ચોરાયેલી મોટરસાઇકલના હતા. પોલીસે કાર સવાર ફરદિન પઠાન અને રેહાન પીંજારીની ધરપકડ કરી હતી. રિમાન્ડ દરમિયાન ત્રીજા આરોપી ભપ્પુ ઉર્ફે અરબાઝ પિંજારીને પણ ઝડપી લેવાયો હતો, જ્યારે સોનુ શેખ અને સલમાન વોન્ટેડ છે. પોલીસે કાર, સ્પેર પાર્ટ્સ અને મોબાઇલ સહિત રૂ.૧.૭૦ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે.

### તાપી કલેક્ટરે વાલોડ પોલીસ સ્ટેશનની મુલાકાત લીધી



વાલોડ: તાપી કલેક્ટર દેવ ચૌધરીએ શુક્રવારે વાલોડ તાલુકાની મુલાકાત દરમિયાન નનસાડ અને શાહપોર ગ્રામ પંચાયત કચેરી તેમજ વાલોડ પોલીસ સ્ટેશનની મુલાકાત લઈ કામગીરીની સમીક્ષા કરી હતી. કલેક્ટર દેવ ચૌધરીએ નનસાડ ગ્રામ પંચાયત કચેરી અને શાહપોર ગ્રામ પંચાયત કચેરી ખાતે ગ્રામજનોને આપવામાં આવતી સેવાઓ, વિવિધ યોજનાઓના અમલીકરણ તેમજ દસ્તાવેજી કામગીરી અંગે માહિતી મેળવી હતી. તેમણે ગ્રામ પંચાયત સ્તરે નાગરિકોને સમયસર અને પારદર્શક સેવાઓ ઉપલબ્ધ થાય તે માટે જરૂરી સૂચનો આપ્યાં હતાં. સાથે જ સ્વચ્છતા, સુવિધા અને લોકોની અરજીઓના ઝડપી નિકાલ પર ભાર મૂક્યો હતો.

### કોસંબામાં રેપ અને એટ્રોસિટીનો ફરાર આરોપી ઝડપાયો



હથોડા: માંગરોળ પોલીસ મથકે નોંધાયેલા સગીરાના અપહરણ, બળાત્કાર અને એટ્રોસિટીના ગુનામાં છેલ્લાં સાત વર્ષથી પોલીસને થાપ આપી રહેલા નાસતા-ફરતા આરોપીને સુરત જિલ્લા એલસીબી પોલીસે ઝડપી પાડ્યો હતો. ઘટનાની વિગત મુજબ મૂળ અંકલેશ્વરના કોસમડીનો અને હાલ કામરેજના કઠોર ગામે તબેલા પર રહેતો આરોપી ઈબ્રાહીમ ઇલિયાસ રાજા સાત વર્ષ પહેલાં માંગરોળ પોલીસ સ્ટેશનની હદમાંથી એક સગીરાનું અપહરણ કરી તેના પર બળાત્કાર ગુજારવાના ગુનામાં સંડોવાયેલો હતો. આ ગંભીર ગુનો નોંધાયા બાદ તે સતત ફરાર હતો. તાજેતરમાં સુરત જિલ્લા એલસીબી પોલીસને ચોક્કસ બાતમી મળી હતી કે, આ આરોપી કોઈપણ ડર વગર કોસંબા-મોસાલી રોડ પર લટાર મારી રહ્યો છે. બાતમીના આધારે પોલીસે તાત્કાલિક વોચ ગોઠવીને આરોપી ઈબ્રાહીમ રાજાને આસાનીથી દબોચી લીધો હતો અને જેલના સળિયા પાછળ ધકેલી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### અંકલેશ્વરમાં છેતરપિંડીના ગુનામાં 5 માસથી ફરાર આરોપીની અટકાયત

અંકલેશ્વર: અંકલેશ્વર જીઆઈડીસી પોલીસે કાર લે-વેચની છેતરપિંડીના ગુનામાં છેલ્લા પાંચ મહિનાથી નાસતા ફરતા આરોપી જુનેદ ઇકબાલભાઈ વ્હોરા (ઉં.વ.૩૨) (રહે.,નડિયાદ)ને ઝડપી પાડ્યો હતો. પોલીસે આરોપી પાસેથી [illegible]૨ લાખની કિંમતની મારુતિ સુઝુકી અર્ટિગા કાર નં.(જીજે-૧૬-બી.એન.-૭૭૮૯) કબજે કરી છે. હાલ અંકલેશ્વર પોલીસે ઝડપાયેલા આરોપી વિરુદ્ધ આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### સેવણી ગામમાં પાવરગ્રીડ કોર્પોરેશન સામે ધરણાના કાર્યક્રમનો મંડપ ધરાશાયી

કામરેજ: કામરેજના સેવણીમાં ખેડૂતના ખેતરમાં ખેડૂત સમાજના નેજા હેઠળ ગત સોમવારથી મોટી સંખ્યામાં મહિલાઓ તેમજ ખેડૂતો ઉપસ્થિતિમાં પાવરગ્રીડ કોપોરેશનની મીલીભગતના સામે ધરણાના કાર્યક્રમ માટે બનાવેલો મંડપ જ ભારે પવનના લઈને ધરાશાયી થઈ ગયો હતો. સેવણી ગામની હદમાંથી વટામણથી નવસારીની પાવરગ્રીડની વીજ ટ્રાન્સમિશન લાઈનની 765 કેવી લાઈન પસાર થવાની છે. જે લાઈનની દિશા બદલાઈ જતાં ગત સોમવારથી ખેડૂત સમાજના નેજા હેઠળ સવારથી સાંજ સુધીનો ધરણાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો, જેમાં ચાર દિવસથી ખેડૂતો દરરોજ ખેડૂતના ખેતરમાં ધરણા પર મહિલાઓ તેમજ ખેડૂતો ધરણા પર બેસતાં હતાં. પરંતુ શુક્રવારે સવારથી તાલુકામાં ભારે પવન ફુંકાતાં ખેડૂતો ધરણા પર બેસે એ અગાઉ જ મંડપ ધરાશાયી થઈ ગયો હતો. ભારે પવન હોવાથી હાલ પૂરતો ધરણાનો કાર્યક્રમ સ્થગિત રાખવામાં આવ્યો છે.

### આજે કડોદ-મિયાવાડી ગ્રુપ ગ્રા.પં.ની સભામાં ડેપ્યુટી સરપંચનું રાજીનામું સ્વીકારાશે

કડોદ: કડોદ-મિયાવાડી ગ્રુપ ગ્રા.પં.ના ડેપ્યુટી સરપંચ ધ્વનિ ભાવસાર કડોદ-૧ તાલુકા પંચાયત બેઠક પર વિજયી થતાં, તેમણે નિયમ મુજબ ડેપ્યુટી સરપંચ પદેથી રાજીનામું આપ્યું છે. શનિવારે મળનારી સામાન્ય સભામાં આ રાજીનામું સ્વીકારી આગામી ૭ દિવસમાં નવા ડેપ્યુટી સરપંચની ચૂંટણી યોજાશે. અહીં સરપંચની બેઠક અનુસૂચિત જનજાતિ માટે અનામત હોવાથી કડોદ નગરના ચુંટાયેલા સામાન્ય જાતિના સભ્યોમાંથી જ નવા ડેપ્યુટી સરપંચની વરણી કરવાની રહેશે. આ પદ માટે કોને પસંદ કરવો તે અંગે ગામ સમિતિ ટૂંક સમયમાં નિર્ણય લેશે તેવું જાણવા મળ્યું છે. બીજી તરફ, ડિસેમ્બર-૨૦૨૬માં ગ્રામ પંચાયતની ટર્મ પૂર્ણ થવાની હોવા છતાં, બાકીના સમયગાળા માટે પણ ચુંટાયેલા સભ્યોમાં હોદ્દા મેળવવા અંદરોઅંદર ભારે ખેંચતાણ શરૂ થઈ ગઈ છે. હવે કોને ડેપ્યુટી સરપંચ બનાવાય છે એ જોવું રહ્યું.

### ગામતળાવ બુજરંગ કેવિન દરબાર ઇલેવન ક્રિકેટમાં ચેમ્પિયન


હિતેશ પટેલ

માંડવી: તરસાડા બાર ક્રિકેટ ક્લબ દ્વારા આયોજિત માંડવી તાલુકા રાજપૂત સમાજ ટેનિસ બોલ ક્રિકેટ ટુર્નામેન્ટ-૨૦૨૬ ભવ્ય રીતે સંપન્ન થઈ હતી. આ સ્પર્ધામાં કુલ ૮ ટીમોએ ભાગ લીધો હતો. રોમાંચક ફાઈનલ મેચમાં શાનદાર રમત રમીને ગામતળાવ બુજરંગ કેવિન દરબાર ઇલેવનની ટીમ ચેમ્પિયન બની હતી, જ્યારે મહાકાલ ઇલેવન તરસદાબારની ટીમ રનર્સઅપ રહી હતી. ફાઈનલ મેચમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર હરદીપસિંહ ડુમસિયા 'મેન ઓફ ધ મેચ' જાહેર થયા હતા. આ ઉપરાંત સમગ્ર ટુર્નામેન્ટમાં શ્રેષ્ઠ દેખાવ બદલ રાહુલ તરસાડીયા 'મેન ઓફ ધ ટુર્નામેન્ટ', જન્મય ચૌહાણ 'બેસ્ટ બેટ્સમેન' અને અક્ષય માહિડા 'બેસ્ટ બોલર' બન્યા હતા. આ સફળ આયોજનમાં વિજેતા ટ્રોફી સ્વ. ધ્રુમિલરાજસિંહ પ્રવિણસિંહ અટોદરિયાના સ્મરણાર્થે રાખવામાં આવી હતી, તેમજ તમામ માટે ભોજનની સુંદર વ્યવસ્થા રણધીરસિંહ ચૌહાણ તરફથી કરવામાં આવી હતી.